નગરમાં વિકાસની સાથે અનેક બદીઓ પણ ઘર કરી ગઈ છે. શહેરનું યુવાધન નશાના રવાડે ચઢી તેમની જવાની ધૂળમાં મેળવી રહ્યું છે. નશાની લતમાં નશાખોરને પોતાની જીંદગી કયા રસ્તે જઈ રહી છે તેનું તો ભાન રહેતું જ નથી પરંતુ ઘણીવાર પોતાની જાત પરનો અંકુશ પણ ગુમાવી બેસે છે. ચિક્કાર દારૂ પીને નશામાં ધૂત આ દારૂડિયો એવી રીતે રસ્તે રઝળી રહ્યો છે કે તેને જોઈ નગરજનો ફિટકાર વરસાવી રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

સેકટર-૧૩ની શાળાઓમાં નવરાત્રીની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૯

નવરાત્રીના અંતિમ તબક્કામાં ઠેર ઠેર ગરબા આયોજકો ગરબાનું આયોજન કરે છે ત્યારે શેરીઓમાં શેરી ગરબા, સંસ્થાકીય ક્ષેત્રે સંસ્થાના ગરબા તેમજ શૈક્ષણિક સંકુલમાં પણ ગરબાનું આયોજન કરવામાં આવે છે. સે-૧૩ સ્થિત સરકારી પ્રાથમિક શાળા નં.૨ અને નંદનવન આશ્રમશાળા દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ આનંદપૂર્વક ગરબા ગાયા હતા. આ પ્રસંગે મુખ્ય શિક્ષક ભાનુબેન ઠકકરે વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા તેમજ તેઓએ લ્હાણીની વહેંચણી પણ કરી હતી.

મેઘરજમાં નજીવી બાબતે હેવાન બનેલા દંપતિએ સાત માસુમોને ઢોર માર માર્યો

દંપતિએ બાળકોને પથ્થરમારાની શંકાના આધારે ઢોર માર મારી શૌચાલયનું ગંદુ પાણી પીવડાવી જાનથી મારી નાખવાની ધમકી આપી

મોડાસા, તા. ૧૯

મેઘરજ તાલુકામાં આમ્રકુંજ સોસાયટીમાં શિક્ષક દંપતિના મકાન પર કાંકરીચાળો કરનાર સાત માસુમ બાળકોને દંપતિએ ઢોર માર મારતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી જવા પામી હતી. માસુમોને ઢોર માર મારનાર દંપતિ પર લોકોએ ફિટકાર વરસાવ્યો હતો. આ મામલે મેઘરજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મેઘરજ સ્થિત આમ્રકુંજ સોસાયટી પાસેથી કેટલાક કિશોરો ચાલતા પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન આમ્રકુંજ સોસાયટીમાં રહેતા અને શિક્ષક તરીકે ફરજ બજાવતા ગલાભાઈ સોમાભાઈ ડામોરના ઘર પર કોઈ શખ્સોએ પથ્થરમારો કરતા ડામોર દંપતિ દોડીને બહાર આવ્યા હતા અને મકાન આગળથી પસાર થતા યશ

પ્રિતમકુમાર, ભાવેશ કાળુભાઈ તરાળા, ભાવિન ભગોરા અને સુમિતસિંહ ઝાલા સહિતના સાત મિત્રોને ડામોર દંપતિએ પકડી તમામને ઘરમાં પુરીને ઢોર માર મારી ઈજાઓ પહોંચાડી હતી. માસુમ બાળકો કંઈ સમજે તે પહેલા જ દંપતિએ તમામ બાળકો પર ગડદાપાટુનો ઢોર માર મારી શૌચાલયનું ગંદુ પાણી પીવડાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આથી ભયભીત બનેલા બાળકોએ માતા-પિતાને જાણ કરતા આ સમગ્ર મામલો પોલીસમથકે પહોંચ્યો હતો. બાળકના વાલીઓએ માર મારનાર દંપત્તિ વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં ત્રણ માર્ગ અકસ્માત બે ને ઈજા

સવારના સુમારે ગ-૪ પાસે કાર ડિવાઈડર પર ચડી ગઈ : ચ-૬ પાસે જીપ ટકરાઈ જયારે ત્રીજા બનાવમાં ગ માર્ગ પર કાર ચાલકે ટ્રાઈસીકલને અડફેટે લીધી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. શહેરના ચકાચક માર્ગો પર બેફામ ઝડપે વાહન હંકારી અકસ્માતો સર્જે છે. નગરમાં આજે વિવિધ સ્થળે ત્રણ અકસ્માતના બનાવ બનવા પામ્યા છે. જેમાં બે વ્યકિતને ઈજાઓ તેમજ ગાડીઓને નુકશાન થવા પામ્યું છે. અકસ્માતોના સ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા.

શહેરના વાહન ચાલકો નિયમોની ઐસી તેસી કરી બેફામ રીતે વાહન હંકારે છે. શહેરના ખુલ્લા પહોળા અને ચકાચક માર્ગોને લીધે વાહનચાલકો બેકાબુ બની ડ્રાઈવીંગ કરે છે. આવા વાહનચાલકો અન્ય નગરજનોને પણ મુશ્કેલીમાં મુકે છે. આજે શહેરમાં વિવિધ સ્થળે ત્રણ માર્ગ અકસ્માતોના બનવા પામ્યા છે. જેમાં શહેરના ગ-૪ સ્વર્ણીમ પાર્ક પાસે સવારના સુમારે મારુતીની સેલેરીયો કાર નં. જીજે-૧૮-આઈસી ૨૭૨૯ના ચાલક કાર લઈને ઘ-૪ તરફથી મહાત્મા મંદિર તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા કાર સ્વર્ણીમ પાર્ક પાસેના ડીવાઈડરના પીલર તોડી ઉપર ચડી ગઈ હતી. જેમાં કારને મોટું નુકશાન થવા પામ્યું છે. જયારે બીજા બનાવમાં ચ માર્ગ પર ચ-૬ પાસે જીપ ટકરાઈ હતી જેમાં કોઈને ખાસ નુકશાન પહોંચ્યું નહોતું. ત્રીજા બનાવમાં બપોરના સુમારે ગ-૧ આરટીઓ તરફથી પુરપાટ ઝડપે આવી રહેલી સ્કોડા કાર નં. જીજે-૧૮ એસીના યુવાન ચાલકે સે-૪ તરફથી આવી રહેલી ટ્રાઈસીકલ જીજે-૧૮-ડી ૪૩૦૧ને ટકકર વાગી હતી. ટ્રાઈસીકલમાં સવાર બે વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતા માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો તેમજ આસપાસમાં ઉભા રહેલા લોકો આવી પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ૧૦૮ બોલાવી સારવાર માટે સિવિલ ખાતે લઈ જવાયા હતા.

સેક્ટર-૧ ઉત્સવ સમિતિ જમીન વિહોણા ખેડૂતોનું સન્માન કરશે

ગાંધીનગર, તા. ૧૯

સેક્ટર-૧ ઉત્સવ સમિતિ દ્વારા જમીન ગુમાવનાર ઈન્દ્રોડા ગામના ખેડૂતોનું સન્માન કરવામાં આવશે. આગામી તા. ૨૧ ઓક્ટોબરના રોજ સે. ૧ સ્થિત નવરાત્રી ચોકમાં રાત્રીના ૧૧ કલાકે ઈન્દ્રોડા ગામના જમીન વિહોણા ખેડૂતો અને તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે.

ઉત્સવ સમિતિના પ્રમુખ એન.પી. પટેલે આ અંગે જણાવ્યા મુજબ સે. ૧ના રહિશો હાલ જે નિવાસ કરે છે તે જગ્યા ઈન્દ્રોડા ગામની ખેડૂતોની હતી. સરકારી જમીન સંપાદીત કરતા હાલ ખેડૂતો જમીન વિહોણા બની ગયા છે. ખેડૂતો પોતાના ભરણપોષણ કરવા ભારે મથામણ કરવી પડે છે.

વાવોલમાં નાડીયા વાસમાં ૨૨ વર્ષિય યુવાનનો ગળે ફાંસો

નાડીયા વાસની જ ૨૦ વર્ષિય યુવતીનું મેમુ ટ્રેનની અડફેટે મૃત્યુ : મહોલ્લામાં ગમગીની છવાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક વાવોલ ગામમાં સ્થિત નાડીયા વાસમાં આજે સવારના અરસામાં એક યુવક અને એક યુવતીના મૃત્યુના સમાચારથી ગમગીની છવાઈ ગઈ હતી. ૨૨ વર્ષિય યુવાને પોતાના રૂમમાં હૂક સાથે નાઈલોન દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જ્યારે ૨૦ વર્ષિય યુવતી મેમુ ટ્રેનની અડફેટે આવી જતા મોતને ભેટી હતી. રેલવે પોલીસ અને સે. ૭ પોલીસે બંને ઘટનાની તપાસ શરૂ કરી છે. આ બંને અકસ્માતે મૃત્યુ પ્રકરણ સંલગ્ન છે કે કેમ તે અંગે તપાસ પણ ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ વાવોલના નાડીયા વાસમાં રહેતા ૨૨ વર્ષિય યુવાન જયેશ રામાભાઈ નાડીયા તેમના ત્રણ માળના મકાનમાં ત્રીજા માળે સ્થિત ઓરડીમાં રહેતો હતો. ગઈ રાત્રે ઓરડીમાં જયેશ સુઈ ગયો હતો. આજે સવારે તેના કાકા ઉપરના માળે આવ્યા ત્યારે જોયુ તો તે નાઈલોન દોરી હૂક સાથે બાંધીને લટકેલી હાલતમાં હતો. કોઈ કારણોસર જયેશે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ પ્રકરણ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી સે. ૭ પોલીસમથકના જમાદાર રણછોડજીએ ઊંડી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ આ જ મહોલ્લામાં રહેતી ૨૦ વર્ષિય યુવતી પાયલ ધનજીભાઈ નાડીયાનું સવારે આણંદ-ગાંધીનગર મેમુ ટ્રેનની અડફેટે મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે રેલવે પોલીસે તપાસ આરંભી છે. બંને ઘટના એકબીજા સાથે સંલગ્ન છે કે કેમ તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

એમ.બી. પટેલ શાળા ખાતે નવરાત્રીની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં નવરાત્રીનો ઉત્સવ ધૂમધામથી ઉજવાઈ રહ્યો છે. ત્યારે શહેરની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલીત એમ. બી. પટેલ શાળા ખાતે તાજેતરમાં નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં ધોરણ ૧ થી ૮ના ૧૮૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબે ઘુમ્યા હતા. શહેરમાં સાંજ ઢળતા જ ગરબા પ્રેમીઓ ગરબા મેદાનમાં ધૂમ મચાવી રહ્યા છે. ભાવિકો માતાજીની ભક્તિ અને શક્તિની આરાધનામાં તલ્લીન બન્યા છે. નાના બાળકોથી લઈ અબાલ વૃદ્ધ સૌ કોઈ માતાજીના ચાચર ચોકમાં ગરબે ઘુમી મા ની ભક્તિ કરી રહ્યા છે ત્યારે સેક્ટર-૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતે એચ.મ.બી. પટેલ કન્યા શાળા ખાતે નવરાત્રીની ઉજવણી સંગીતના તાલે કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળામાં અભ્યાસ કરતા ધો. ૧ થી ૮ના ૧૮૦૦ વિદ્યાર્થીનીઓ ટ્રેડીશનલ પોશાકમાં સજ્જ થઈ ગરબે ઘુમી હતી. શાળાના આચાર્ય તેમજ સ્ટાફ પરિવારે માતાજીની આરતી ઉતારીને પ્રસાદની વહેંચણી કરી ગરબાનો પ્રારંભ કર્યો હતો.

બેસ્ટ ડ્રેસીસમાં લક્ષા-૧-અ, ક્રિશ્ના-૨-અ, શ્રૃતિ-૩-ક, ઋત્વીકા-૪-બ, મૈત્રી-૫-અ, નિહરા-૬-ઈ, પ્રિયા-૭-અ, શિયા-૮-ડ, તથા શિક્ષકોમાં પટેલ હેમાંગીબેન, ભગવતીબેન, ફાલ્ગુનીબેન વિજેતા જાહેર થયા હતા. જ્યારે બેસ્ટ પરફોર્મ્સમાં વૃંદા-૧-અ, રિયા-૨-બી, હિરલ-૩-બ, ગાર્ગી-૪-બ, એષા-૫-ઈ, જૈની-૬-ક, માધવી-૭-બ, યાત્રી-૮-ક, તથા શિક્ષકોમાં મનાલીબેન, ચેતનાબેન જે. તથા ચેતનાબેન એ. વિજેતા બન્યા હતા. વિદ્યાર્થીનીઓ તેમજ શિક્ષકોને એજ્યુકેશન વિભાગના ડીન વિણાબેન પટેલના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગાંભોઈ નજીક ટ્રક પલ્ટી : ડ્રાઈવર કંડકટર ઈજાગ્રસ્ત

શામળાજી-હિંમતનગર નેશનલ હાઈવે નં.-૮ પર શનિવારે વહેલી સવારે મુખ્ય માર્ગ પરથી પસાર થતી મહિલાને બચાવવા પલટી ખાઈ ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદથી કાનપુર જતી ટ્રક અમદાવાદથી કાપડ મીલમાંથી કાનપુરના વેપારીને કાપડનો જથ્થો સપ્લાય કરવા જતી હતી ત્યારે વહેલી સવારે ગાઢ ધુમ્મસમાં ગાંભોઈના બ્રાહ્મણી માતાજીના મંદિર નજીકના ઓવરબ્રીજ પરથી પસાર થતી રાહદારી મહિલા એકાએક મુખ્યમાર્ગ પર આવી જતા ટ્રકના ચાલકે મહિલાને બચાવવા જતા બ્રેક મારતા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક પલટી ખાઈ ગઈ હતી. ટ્રકના વ્હીલ અલગ પડી ગયા હતા અને ટ્રકમાં ભરેલો કાપડનો જથ્થો વેરવિખેર થતા ટ્રાફિક જામ થઈ ગયો હતો. ટ્રકચાલક અને કંડકટર ઈજાગ્રસ્ત બનતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

રાષ્ટ્રધ્વજ મામલે જામીન બાદ હાર્દિકની ફરી અટકાયત કરાઈ

રાજકોટ,તા. ૧૯

પાટીદાર સમુદાય માટે અનામતની માંગણી કરીને આંદોલન ચલાવી રહેલા હાર્દિક પટેલની મુશ્કેલીમાં હવે વધારો થયો છે. રાષ્ટ્રધ્વજને અપમાનિત કરવા બદલ અને તેનો હથિયાર તરીકે ઉપયોગ કરવાના મામલામાં ગઈકાલે ધરપકડ કરવામાં આવ્યા બાદ આજે હાર્દિક પટેલને આ મામલામાં જામીન મળી ગયા હતા. હાર્દિકને રાજકોટ સિવિલ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કોર્ટે હાર્દિકને ૧૦ હજાર રૂપિયાના જામીન ઉપર મુક્ત કરી દીધો હતો. જોકે, મોડેથી અગાઉના સુરતમાં થયેલા રાજદ્રોહના બનાવના સંદર્ભમાં પોલીસે ફરી તેની અટકાયત કરી લીધી હતી. હવે તેની અટકાયત કર્યા બાદ સુરત લઈ જવામાં આવ્યો છે. રાષ્ટ્રધ્વજના અપમાનના મામલામાં જામીન મળ્યા બાદ રાહત થઈ હતી. પરંતુ ટૂંકાગાળામાં જ તેની ફરીવાર સુરત પોલીસે અટકાયત કરી લીધી હતી. હાર્દિકની તકલીફ સતત વધી રહી છે. હાર્દિક સામે રાષ્ટ્રદ્રોહનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેની સામે સુરતમાં આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. હાર્દિક એક વિડિયોમાં પોલીસ જવાનને મારવાના નિર્દેશ આપતો નજરે પડ્યો હતો. જેમાં હાર્દિકે પાટીદાર યુવાન વિપુલ દેસાઈને વિવાદિત સલાહ આપતા કહ્યું હતું કે, તારામાં એટલી હિમ્મત હોય તો બે-પાંચ પોલીસવાળાને મારી નાંખ. બાકી પટેલો કોઈ દિવસ આત્મહત્યા કરે નહીં. વિપુલ દેસાઈના ઘરે જઈને હાર્દિક પટેલે પોલીસકર્મીઓને મારી નાંખવાની વા કરતા પોલીસબેડામાં અસંતોષ ફેલાઈ ગયો હતો. આ નિવેદન બાદ તેની સામે પગલા લેવા માટે રજુઆત થઈ હતી અને તપાસ કરવામાં આવ્યા બાદ અમરોલી પોલીસ સ્ટેશનમાં હાર્દિક વિરુદ્ધ દેશદ્રોહની ફરિયાદ કરાઈ હતી. ગઈકાલે રાજકોટમાં મેચ પહેલાં હાર્દિકની અટકાયત કરાઈ હતી. રાજકોટના એસપી ગગનદીપ ગંભીરે કહ્યુ છે કે રવિવારે સાંજે પોલીસ જ્યારે હાર્દિકનો પીછો કરી રહી હતી ત્યારે તે તિરંગાને કચડીને મિડિયા સાથે વાતચીત કરવા માટે દોડી ગયો હતો.

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રાજકોટની મેચમાં ખલેલ પહોંચાડવાની ધમકી આપનાર પટેલ ક્વોટા આંદોલનના નેતા હાર્દિક પટેલની ગઈકાલે મેચ પહેલા જ અટકાયત કરી લેવામાં આવી હતી. આની સાથે જ હાર્દિકની યોજના ફલોપ રહી હતી.

રાશિદ પર.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે હુમલો કરવામાં આવ્યા બાદ આ બનાવને લઈને મોદી સરકારની ફરી એકવાર ચારેયબાજુ ટીકા થઈ રહી છે. હિન્દુ સેનાના નેતા વિષ્ણુ ગુપ્તાએ મોડેથી હુમલાની જવાબદારી સ્વિકારી હતી. મોડેથી દિલ્હી પોલીસે આ કેસના સંબંધમાં બે લોકોની અટકાયત કરી હતી. નારાજ થયેલા રાશીદે પોતાની પ્રતિક્રિયામાં કહ્યું હતું કે, સુધેન્દ્ર કુલકર્ણી સાથે જે બન્યું હતું તે તેમની સાથે બન્યું છે. ભારત ક્યાં ઉભું છે તે વિશ્વ જોઈ રહ્યું છે. પાકિસ્તાનમાં તાલિબાની ગતિવિધીનો આક્ષેપ કરવામાં આવે છે. પરંતુ ભારતમાં પણ આવી જ પ્રવૃત્તિ ચાલી રહી છે. રાશિદે પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી ઝીનાહની પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, અમે મહાત્મા ગાંધીના ભારતમાં વિશ્વાસ કરીએ છીએ. તોગડીયા અને હિન્દુ મહાસભામાં વિશ્વાસ કરતા નથી. ઝીનાહને તેઓ સલામ કરે છે. તેઓએ અલગ પાકિસ્તાનની રચના કરી હતી. કારણકે તેઓ જાણતા હતા કે આ લોકો ભારતમાં મુસ્લિમોને રહેવા દેશે નહીં. વડાપ્રધાન મોદીએ દેશ સમક્ષ માફી માંગવી જોઈએ.

પાંચ દિવસના આ સમારંભમાં પ્લાસ્ટિકમાં વૈશ્વિક હિત ધરાવતા લોકો એકત્ર થશે

૨૦૨૦ સુધીમાં પોલિમર્સની માંગ વધીને ૨૦ મિલિયન મે. ટનની સપાટીએ પહોંચવા સજ્જ

ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુફેકચરર્સ એસોસિએશન (જીએસપીએમએ), આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્લાસ્ટીક એક્સિબિશન પ્લેક્સપોઈન્ડિયા ૨૦૧૬ ની ૭મી એડીશન તા. ૭ થી ૧૧ જાન્યુઆરી ૨૦૧૬ દરમ્યાન ગુજરાતમાં ગાંધીનગર ખાતે આયોજન કરી રહેલ છે. અતિઆધુનિક ટેકનોલોજીકલ પ્રગતિ અને બિઝનેસના પ્રવાહો દર્શાવતો સૌથી મોટો સમારંભ બની રહેવા ઉપરાંત પ્લાસ્ટીક ઉદ્યોગના ઉત્પાદકો તરફથી લાઈવ ડેમોન્સ્ટ્રેશન્સ જોવા મળશે અને સમજૂતિના કરારોની તક મળશે કારણ કે ૫૦૦થી વધુ એકઝિબીટર્સ અને ૫૦,૦૦૦ મુલાકાતીઓ આ એમાં પરામર્શ ઉપરાંત ૨૫,૦૦૦ ચો. મી.થી વધુ વિસ્તારમાં બિઝનેસ નેટવર્કીંગ એને શ્રેષ્ઠ પ્રણાલીઓના આદાન-પ્રદાન માટે એકત્ર થશે. ભારતનું પ્લાસ્ટિક પ્રોસેસિંગ સેકટર ૫૫,૦૦૦થી વધુ એકમો ધરાવે છે અને અંદાજે ૩૬ લાખ લોકોને રોજગારી આપી રહ્યો છે ત્યારે પાંચ દિવસનો આ સમારંભ ઉદ્યોગ માટે ખૂબ જ આકર્ષક તકો પૂરી પાડશે. દેશમાં આવેલાં કુલ ઔદ્યોગિત એકમોમાં એકલા ગુજરાતમાં જ એક પંચમાંશ એકમોનો સમાવેશ થાય છે. જીએસપીએમએના પ્રેસિડેન્ટ શ્રી નિતીન શાહ જણાવે છે કે "આંકડાઓ પરથી એવું ફલિત થાય છે કે ગુજરાતનો પ્લાસ્ટિક ઉદ્યોગ વાર્ષિક ૧૨ ટકા કરતાં વધુ દરથી વિકાસ પામી રહ્યો છે. તે દેશની પ્લાસ્ટિક્સની નિકાસમાં આશરે ૧૫ ટકા હિસ્સો ધરાવે છે. ગુજરાત પણ પ્લાસ્ટિક મશિનરી ઉત્પાદકોની મોટી સંખ્યા ધરાવતા રાજ્ય તરીકે ગણના પામે છે. આ ક્ષમતાને ધ્યાનમાં રાખીને આ પ્રદર્શન ભારતને આ ક્ષેત્રમાં પ્રભાવી પરિબળ બનીને પ્લાસ્ટિક ઉદ્યોગના વધુ વિકાસ માટે નેશનલ અને વિશ્વની કંપનીઓને સાથે મહત્વની બિઝનેસ પાર્ટનરશિપ્સ હાથ ધરવા અને જીડીપીમાં તેનું પ્રદાન વધારવા સજ્જ બન્યું છે."

પ્લેક્સપોઈન્ડિયા પ્રયાસોને રસાયણ અને ફર્ટિલાઈઝર મંત્રાલય, રસાયણ અને પેટ્રોરસાયણ વિભાગની ભારત સરકાર સાથે સાથે પ્લાસ્ટઈન્ડિયા ફઉન્ડેશન તથા પ્લાસ્ટિક ઉદ્યોગનાં અન્ય અગ્રણી સંગઠનો અને સંસ્થાઓનું સમર્થન હાંસલ થયું છે. પ્રદર્શનની મુખ્ય કેટેગરીઝમાં, કાચામાલના ઉત્પાદકો, ઉત્પાદન પહેલાંની અને પછીની કામગીરીને આવરી લેતાં પ્લાસ્ટિક મશિનરી ઉત્પાદકો આનુષાંગીક ઉપકરણો, મેઝરીંગ અને ટેસ્ટીંગ ઈક્વિપમેન્ટસ, મોલ્ડઝ અને ડાઈઝ, માસ્ટરબેચીઝ ઉત્પાદકો, ટોચનાં ટ્રેડ એસોસિએશન્સ, ટેકનિકલ સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ તથા અન્યનો સમાવેશ થશે.

પ્લેક્સપોઈન્ડિયાના ચેરમેન શ્રી તુષાર પરિખ જણાવે છે કે "અમારા આગાઉના આ પ્રકારના સમારંભોની જેમ જ પ્લેક્સપોઈન્ડિયામાં અદ્યતન ટેકનોલોજી દર્શાવાશે, જે ગ્લોબલ ટેકનોલોજીની સમકક્ષ બની રહેશે. આ સમારંભોની સાથે સાથે ભારતની જીડીપીમાં પ્લાસ્ટિક ઉદ્યોગનું પ્રદાન સતત વધતું ગયું છે. અને વર્ષ ૨૦૧૩-૧૪ સુધીમાં ૧૦ ટકા સુધી પહોંચ્યું છે. ૭૦ ટકાથી વધુ પોલિમર્સનું ઉત્પાદન માત્ર ગુજરાતમાં થાય છે."

વિદેશના જે એક્ઝિબીટર્સ પ્રદર્શનમાં સામેલ થશે તેમાં ચીન, મલેશિયા, જાપાન, તાઈવાન, દ. કોરિયા તથા કેન્યા, નાઈજીરીયા, મિડલ ઈસ્ટ, શ્રી લંકા નાં ડેસીગેશન્સ પણ સામેલ થશે. શાંઘાઈ સોસાયટી ઓફ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી, ચાયના, તાઈજોઉ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ઝેઝીયાંગ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગુઆંગડોંગ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી એસોસિએશન, મલેશિયા મોલ્ડઝ એન્ડ ડાઈઝ એસોસિએશન અને શ્રી લંકા મોલ્ડ એન્ડ ડાઈ મેન્યુફેકચરર્સ એસોસિએશન સમારંભમાં હાજરી આપશે તેવી અપેક્ષા છે.

અભિષેક થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરવા માટે પણ આયોજન કરી દેવામાં આવ્યુ છે.આ ઉપરાંત આરોગ્ય કેન્દ્ર પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જેમાં ૫ મેડીકલ ટીમો પણ સારવાર માટે તૈનાત રાખવામાં આવી છે. જયારે ગામમાં પીવાના પાણીનુ કલોરીનેશન કરવા ઉપરાંત ડી ડી ટી પાવડરનો છંટકાવ કરી સ્વચ્છતા જળવાય તેવુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સ્થળ પર એમ્બ્યુલન્સ તેમજ ૫ જેટલી ૧૦૮ની વાન પણ સેવા આપે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે પલ્લી મેળા દરમિયાન વીજ વ્યવસ્થા ખોરવાઇ ન જાય તે માટે ૬૦ જેટલા કર્મચારીઓ ખડેપગે રહેશે. ૨૪ કલાક માટે ૮૨.૫ કે વી એ નુ ડીઝલ જનરેટરની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત આગ કે અકસ્માતના સંજોગોમાં પલ્લીના રૂટમાં વિવિધ ત્રણ ઠેકાણે ફાયર બ્રિગેડ માટે આગ શમન માટે સિલિન્ડરની વ્યવસ્થા કરવામાં આવી છે. અને જરૂરી ફાયર મેનને ફરજ સોંપવામાં આવી છે. દર્શનાર્થીઓ માટે ખીચડી કઢીના પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે પલ્લી મેળા દરમિયાન કોઇ વ્યકિત કે ચીજ વસ્તુઓ ગુમ થાય તેની જાણકારી દર્શનાર્થીઓને મળી રહે તે માટે ખાસ સ્ટેજ બનાવવામાં આવશે.રૂપાલના પલ્લીમેળામાં પ્રતિકાત્મક રીતે ઘી ચઢાવવા માટે જણાંવાયુ છે. મંદિરના જીર્ણોધ્ધારના ભગીરથ કાર્યમાં શિલાદાન કે રોકડ ફાળો આપનારને ઘી નુ પાઉચ પણ પ્રસાદી રૂપે ભેટ આપવામાં આવશે. મધુર ડેરી દ્વારા મંદિરની બહાર અને મોટા મઢમાં જયાં પલ્લી ભરાય તે ઠેકાણે ચોખ્ખુ ઘી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. માતાજીના મંદિરના નિર્માણ કાર્ય માટે દાનની રકમ આપનારને ચોખ્ખુ ઘી મળે તેવી વ્યવસ્થા પણ ડેરી દ્વારા કરવામાં આવી છે.

અજવાળું અજવાળું (૪ પાનાનું ચાલુ...)

છે કે એ પ્રયાસ કે પ્રસંગ નિમિત્તે અમે સામેની વ્યક્તિનું સ્મરણ કરીએ છીએ. વસ્તુ નાની હોય કે મોટી, મહત્ત્વ આપનાર અને લેનાર વચ્ચેના સંબંધોનું છે ઉલ્લાસ અને આનંદ સાથે મિત્રો-સ્વજનોને કશુંક આપવાનો આનંદ અનેરો છે અને સેવા અવસર જયારે જયારે મળે છે ત્યારે આસપાસ અજવાળા રેલાય છે.

તેજપુંજ :
ગમતું મળે તો અલ્યા, ગુંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ
મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી
ને વર્યે ફોરમનો ફાલ

- મકરન્દ દવે